**કૃપાકરી પ્રસિધ્ધી માટે -** **૧૬ ઓકટોબર ૨૦૦૯**

## ભાજપ નેતા શ્રી રામ નાઈક અને ભાજપ મુંબઈ અધ્યક્ષ ધારાસભ્ય શ્રી ગોપાળ શેટ્ટી એ શુક્રવાર,૧૬.૧૦ ૨૦૦૯ ના મુંબઈ ખાતે પત્રકાર પરિષદમાં વિતરીત કરેલ નિવેદન

## મુંબઈમાં મતદાનની ટકાવારી ઘટી ન હોવાનો ભાજપ નેતાઓ નો દાવો

**મુંબઈ, શુક્રવાર :** "મુંબઈમાં મતદાન ની ટકાવારી ઘટી હોવા પાછળ મુંબઈગરાં ની ઉદાસીનતા નહીં પરંતુ ચૂંટણી પંચ નું લાસરિયાપણું જવાબદાર છે. મતદાન ની ટકાવારી નું સંખ્યાશાસ્ત્ર નાં આંકડા નો નિષ્કર્ષ એ ગેરમાર્ગે દોરનાર છે. માટે મુબઈગરાં એ ઉત્સાહ પૂર્વક મતદાન કર્યું છે" એવો દાવો માજી કેંદ્રિય પ્રધાન અને ભાજપ નેતા શ્રી રામ નાઈક અને ભાજપ મુંબઈ નાં અધ્યક્ષ ધારાસભ્ય શ્રી ગોપાળ શેટ્ટી એ કર્યો છે. મુંબઈ ખાતે લીધેલ પત્રકાર પરિષદમાં આ બંન્ને નેતાઓએ આ પાછળની કારણ મિમાંસા સ્પષ્ટ કરી.

ખરૂં જોતા ગયાં વર્ષે ૨ જૂન ૨૦૦૮ ના શ્રી રામ નાઈકે મહારાષ્ટ્ર ના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી દેબાશિષ ચક્રવર્તી ને લાખો બેવડ નોંધાયેલ મતદાર (ડુપ્લીકૅટ) ની યાદી સાદર કરી હતી. પૂર્વે નાં મલાડ,કાંદિવલી, બોરીવલી આ ત્રણ વિધાનસભા ક્ષેત્ર નાં ૧૮,૦૨,૮૭૭ મતદારોનાં નામ ની મુંબઈ - થાણા ની કુલ ૪૦ વિધાનસભા મતદાર સંઘ નાં મતદારો ના નામો સાથે તુલના કર્યા બાદ ૩,૮૦,૪૬૧ અર્થાત ૨૧ ટકા મતદારો ડબલ વખત (ડુપ્લીકૅટ) હોવાની આંચકાદાયક નિષ્કર્ષ આવ્યાં બાદ આ સંપૂર્ણ તપાસ નો અહેવાલ શ્રી રામ નાઈકે પોતે મુખ્ય ચૂંટણી અધિકારી ને રજૂ કર્યો હતો. બેવડ મતદારો ખૂબ મોટા પ્રમાણમાં હોવાથી ઘરેઘરે જઈ પ્રત્યક્ષ નવી મતદાર યાદી તૈયાર કરવામાં આવે તેવી માગણી ભારતીય જનતા પક્ષે તેવેળાં કરી હતી. બોરીવલી, કાંદિવલી, મલાડ ની જેમ ધારીએ તો આખાય મુંબઈમાં જો ઓછામાં ઓછા ૨૦ ટકા બેવડ નોંધાયેલ મતદારો હોય તો મુંબઈમાં જે વિધાનસભા ચૂંટણીમાં ૪૬.૧૧ ટકા મતદાન થયું તે ખરૂં જોતાં ૫૮ ટકા મતદાન થયું કહેવાય તેવો દાવો શ્રી રામ નાઈક અને શ્રી ગોપાળ શેટ્ટીએ કર્યો હતો.

### બેવડા નોંધાયેલ મતદારો કેમ ? :-

બેવડ મતદારો નોંધાયા હોવા પાછળ જૂદા - જૂદા કારણો હોઈ શકે એમ કહી શ્રી શેટ્ટીએ કહ્યું કે : "ઘણી વખત જાણીબૂજીને જેમ ડબલ વખત મતદાર નોંધાતા હોય તેમ મુંબઈ અને થાણા ની વિશેષ પરિસ્થિતી ને કારણે વારંવાર લોકો રહેઠાણ બદલતાં હોય છે, અને નવા સરનામે મતદાર નામ નોંધાવે પછી જુના સરનામા પરથી નામ કાઢી નાકવાની તસ્દી ચૂટણી પંચ ના લોકો ન લેતા હોવાને કારણે પણ મોટા પ્રમાણમાં બેવડ નામ નોંધાયેલ રહી જતાં હોય છે તેવો અમારો મત છે". શ્રી રામ નાઈકે આ વાત ના દાખલારૂપે પોતાનાં જ જમાઈ શ્રી ચંદ્રશેખર કુલકર્ણીનું નામ પણ ત્રણ વેળાં નોંધાયેલ હોવાનું કહ્યું. ૨૦૦૩ ની સાલ માં રહેઠાણ બદલાવ્યાં બાદ અને ત્યારબાદ વારંવાર નોંધાવ્યા બાદ છેક ૨૦૦૯ ની સાલ માં યોગ્ય સરનામે તેમનાં નામ નોંધાયા તેમ છતાંય જૂના સરનામે પણ તેમનાં નામો કાયમ છે જ અને એટલું જનહીં પણ બાજુની બિલ્ડિંગમાં પણ તેમનાં નામો નોંધવામાં આવ્યા હોઈ આવા અનેક દાખલાઓ છે તેવો અભિપ્રાય શ્રી રામ નાઈકે આપ્યો હતો.

**યાદીઓનું પુનર્નિરિક્ષણ થવું જોઈએ :-**

દર દસ વર્ષે ઘરે - ઘરે જઈ મતદાર યાદીઓનું પુનર્નિરિક્ષણ કરવું આવશ્યક છે જે ૧૯૯૬ સૂધી થતું પણ હતું પરંતુ જયારથી  કોમ્પ્યુટર ની મારફત યાદી પ્રકાશીત કરવું સરળ થયું છે ત્યારથી ચૂંટણી પંચ  પનર્નિરિક્ષિત મતદાર યાદી પસિધ્ધ કરવા લાગ્યું પરંતુ શહેરમાં બહારથી મોટા પ્રમાણમાં આવેલ જેમ લોકો હોય તેમ સગવડતા મુજબ મકાન બદલનારાં પણ અનેક હોય માટે પ્રત્યક્ષે જઈ નામ ન નોંધવા ને કારણે અનેક વખત એકજ સરનામે બે કુટુંબનાં નામો હોય તો કયારેક યાદી ના સરનામા મુજબ ત્યાં મતદાર જ ન હોય તેવું થવા માંડયું છે. નાના શહેરોમાં અને ગામડાઓમાં લોકો એકબીજાને ઓળખતાં હોઈ બેવડ નામો ઓછા હોય છે, તેવો મત શ્રી રામ નાઈકે અને શ્રી ગોપાળ શેટ્ટીએ વ્યકત કર્યો હતો.

**મૃત અને સ્થળાંતરિત મતદાર :-**

પ્રત્યક્ષ પુનર્નિરિક્ષણ  ન થવાને કારણે મૃત વ્યકતીઓનાં નામો પણ જેમ ના તેમ રહી જતા હોવાનું પણ ધ્યાન માં આવેલ છે તેમ કહેતાં શ્રી રામ નાઈકે પોતાના બિલ્ડિંગ નો દાખલો આપ્યો હતો. તેઓ રહેતાં તે શિવસ્મૃતિ બિલ્ડિંગમાં કુલ ૨૯ મતદારો છે તેમાંના પાંચ હયાત નથી અને પાંચ સ્થાળાંતર હોવા છતાં યે તેમનાં નામો યાદીમાં છે. એટલે કે ૩૩ ટકા મતદારો ના નામ હોવા છતાંય તેઓ મતદાન કરવાના જ નથી .મુંબઈ ની મતદાન ની ખરી ટકાવારી કાઢવી હોય તો મતદાર યાદીઓનું પુનર્નિરિક્ષણ અત્યંત આવશ્યક છે. તેવો અભિપ્રાય પણ શ્રી રામ નાઈક અને શ્રી ગોપાળ શેટ્ટીએ વ્યકત કર્યો હતો.બેવડ મતદાર મૃત અને સ્થળાંતરિત હોય તેવા મતદાર એમ આંકડા જૂદા પાડવામાં આવે તો મુંબઈનો મતદાર ઉદાસીન નથી તે સ્પષ્ટ થશે. વારંવાર ફરિયાદ કર્યા બાદ પણ મતદાર યાદીમાં આ દોષ છે જ. સદોષ મતદાર યાદી માટે જવાબદાર કોણ અને તેના પર શી કાર્યવાહી કરવી તે હવે દેશના મુખ્ય ચૂંટણી કમિશનરે મતદારો ને કહેવું જોઈએ તેવો માગણી પણ શ્રી રામ નાઈક અને શ્રી ગોપાળ શેટ્ટી એ  હતી.

આ સંદર્ભે મુંબઈ ભારતીય જનતા પક્ષ તરફથી એક નિવેદન દેશના મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી નવીન ચાવલાને સાદર કરવામાં આવેલ છે. શ્રી નવીન ચાવલા ના સહકારી ઉપાયુકત શ્રી જય પી પ્રકાશ અને મહારાષ્ટ્ર નાં મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી દેબાશિષ ચક્રબર્તી ને પણ આ માહિતી આપવામાં આવી છે. ચૂંટણી પંચ મતદાર યાદીઓનું પુનર્નિરિક્ષણ કરે તો મુંબઈનાં મતદારોએ પણ મહારાષ્ટ્રના અન્ય મતદારો ની માફક ઉત્સાહપુર્વક મતદાન કર્યુ હોવાનું સ્પષ્ટ થશે. સદોષ મતદાર યાદીઓ ને કારણે રાજકીય કાર્યકર્તાઓ ને પણ ૧૫ થી ૨૦ ટકા મતદારો મળતાં જ નથી. તે કારણે અનેકોને તેમનાં નામ છે કે નહીં તે ન જણાવાથી તેઓ મતદાન માટે આવતાં જ નથી.આ ખામી પણ પુનર્નિરિક્ષણ ને કારણે દૂર થશે તેમ શ્રી રામ નાઈક અને શ્રી શેટ્ટીએ કહ્યું હતું.

મુંબઈગરાં નો લોકશાહી પર અખુટ વિશ્વાસ  છે માટે જ તેમણે મતદાન નાં દિવસે રજા પાળી હતી. તેઓ નિરૂત્સાહી છે તેવો નિષ્કર્ષ અન્યાયકારક છે આ અન્યાય ફરીવખત ન થાય તે માટે ચૂંટણી પંચે તત્પરતાપૂર્વક કાર્યવાહી કરવી તેવી માગણી શ્રી રામ નાઈક અને શ્રી ગોપાળ શેટ્ટી એ કરી હતી.

**(કાર્યાલય સચિવ)**